ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪/૨૦-૨૧/ 3656 તારીખ : 21 OCT 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૪/૨૦-૨૧

પ્રતિ,
**નંદકુંવરબા વનરાજસિંહ ચુડાસમા,**
મુ.સુંદરીયાણા,
તા.રાણપુર,
**જી.બોટાદ.**
**મો.નં. ૯૭૨૫૬૦૫૫૧૫**

**વિષય : નવું ખેતીવાડી વિજ કનેકશન ના મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧/૭/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨/૭/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪/૨૦-૨૧/૨૩૪૬ તા.૮/૭/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪/૨૦-૨૧/૩૪૧૭ તા.૩/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૩/૧૦/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટાવિભાગીય કચેરી, **રાણપુર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૪/૨૦–૨૧** ☜

વાદી :– **નંદકુંવરબા વનરાજસિંહ ચુડાસમા**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– ૧૩/૧૦/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી નટવરસિંહ ભીખુભા ગોહિલ** – (વાદી ના ભત્રીજા)

પ્રતિવાદી :– શ્રી એસ.આર.રાંકજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, **બોટાદ.**
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

નંદકુંવરબા વનરાજસિંહ ચુડાસમા, મુ.સુંદરીયાણા, તા.રાણપુર, જી.બોટાદની નવું ખેતીવાડી વિજ કનેકશન ના મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદ ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪/૨૦–૨૧/૨૩૪૬ તા.૮/૭/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૩/૧૦/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી નંદકુંવરબા વનરાજસિંહ ચુડાસમા વતી તેમના ભત્રીજા શ્રી નટવરસિંહ ભીખુભા ગોહિલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.આર.રાંકજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ <u>**વાદીશ્રીની રજુઆતઃ**</u>**– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અગાઉ ધંધુકા તાલુકામાં આવતા હતા અને ધંધુકા કચેરીમાં અમોએ ખેતીવાડી માટે રૂ૨૦૦/– ભરી તા.૨૩/૮/૨૦૧૬ ના રોજ રસીદ નં–૯૦૫૭૨૦ થી જરૂરી ડોકયુમેન્ટ આપી નવા ખેતીવાડી વીજ કનેક્શનની માંગણી મૂકેલ હોય, ત્યારબાદ કંપની માં ફેરફાર થતા ધંધુકા કચેરી દ્વારા જરૂરી કાગળોની ફાઈલ રાણપુર કચેરીમાં નહી મોકલતા અમોને જોડાણ મેળવવા અમારી કોઈ ભૂલ ન હોવા છતાં, વિલંબ કરવામાં આવે છે.

૧.૨ અમારે બોર કુવામાં પાણી હોવા છતાં, મોટર નો વપરાશ નહી કરી શકવાના કારણે, વધારાની નુકશાની થતી હોય સત્વરે યોગ્ય કાર્યવાહી કરાવી, અમોને આર્થિક નુકશાન માંથી બચાવવા માટે આપની કચેરીએ રજૂઆત મોકલીએ છીએ. અમોને મદદરૂપ થશો તેવી અપીલ.

Grievance Redressal
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ અરજદાર શ્રી નંદકુંવરબા વનરાજસિંહ ચુડાસમા દ્વારા તેમના સુંદરીયાણા ગામના સર્વે નં–૬૨૬/૩ અને ૬૨૬/૪ માં ૫.૦ હો.પા.નું ખેતીવાડી વિજ જોડાણ લેવા રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૨૦૦/– તા.૧૨/૫/૨૦૧૪ ના રોજ ધંધુકા પેટા વિભાગીય કચેરી (યુજીવીસીએલ) ખાતે ભરપાઈ કરી નવા વિજ જોડાણ ની માંગણી કરેલ.

૨.૨ જેના અનુસંધાને ધંધુકા પે.વિ.કચેરી દ્વારા અરજદારને જરૂરી અંદાજપત્ર આપવામાં આવેલ. જે અંદાજપત્ર ની રકમ અરજદાર દ્વારા તા.૨૩/૮/૨૦૧૬ ના રોજ રસીદ નં–૯૦૫૭૨૦–૨૧–૨૨ થી ધંધુકા પે.વિ.કચેરી ખાતે ભરપાઈ કરેલ છે.

૨.૩ અરજદારની રજૂઆત મુજબ સ્થળ પર કોઈપણ પ્રકારનું લાઈન કામ ધંધુકા પે.વિ.કચેરી દ્વારા કરેલ નથી.

૨.૪ ત્યારબાદ,રાણપુર પે.વિ.કચેરી વર્ષ–સપ્ટેમ્બર–૨૦૧૭ માં કાર્યરત થતા સદર ગામ અને ખેતીવાડી વિસ્તાર રાણપુર પે.વિ.કચેરી હેઠળ સામેલ કરેલ. પરંતુ, નાયબ ઈજનેર, ધંધુકા દ્વારા આ વિજ જોડાણની કેસ ફાઈલ રાણપુર પે.વિ.કચેરી ખાતે મોકલાવેલ નથી.

૨.૫ અરજદાર દ્વારા તા.૯/૩/૨૦૨૦ ના રોજ સદર બાબતે રાણપુર પે.વિ.કચેરી ખાતે રજૂઆત કરતા, સદર બાબતે જરૂરી કાર્યવાહી કરવા રાણપુર પે.વિ.કચેરી દ્વારા પત્ર નં– ૧૪૨૦ તા.૯/૩/૨૦૨૦ થી નાયબ ઈજનેર, ધંધુકા પે.વિ.કચેરી ને લેખિતમાં જાણ કરેલ.

૨.૬ પરંતુ, આ અંગે કોઈ પ્રત્યુતર ન મળતા અને અરજદારની ગ્રાહક ફરીયાદ નિવારણ–ફોરમ માં કરેલ ફરીયાદના અનુસંધાને નાયબ ઈજનેર, ધંધુકા પે.વિ.કચેરી, યુજીવીસીએલ ને સદર અરજદાર ની રજૂઆત અન્વયે, જરૂરી કાર્યવાહી કરવા અને અરજદાર ની કેસ ફાઈલ રાણપુર કચેરી એ તાત્કાલીક મોકલવા ફરીથી રાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–૨૫૭૫ તા.૨૮/૭/૨૦૨૦ ના રોજ જાણ કરવામાં આવેલ.

૨.૭ ના.ઈ, ધંધુકા પે.વિ.કચેરી, યુજીવીસીએલ દ્વારા પત્ર નં– ૪૯૫૧ તા.૧૮/૯/૨૦૨૦ દ્વારા જણાવેલ કે, મળેલ તાંત્રિક મંજૂરી મુજબ અરજદારને વિજ જોડાણ આપવા માટે ટ્રાન્સફોર્મર ઓગમેન્ટેશન કરવા ગયેલ. પરંતુ,અરજદાર દ્વારા વિરોધ કરતા જે તે સમયે ટ્રાન્સફોર્મર ઓગમેન્ટેશન કરી શકેલ નહી. અને ત્યારબાદ, તા.૧૭/૫/૨૦૧૯ ના રોજ પણ ટ્રાન્સફોર્મર ઓગમેન્ટેશન કરવા ગયેલ. પરંતુ, અરજદાર દ્વારા ના પાડતા, તેઓને વિજ જોડાણ જોઈતુ નથી, તેમ માની પત્ર નં–યુજીવીસીએલ/ધંધુકા/ઈએસટી/૨૧૫૦ તા.૧/૬/૨૦૧૯ ના રોજ ભરેલ અંદાજપત્ર ના નાણાં દિન –૧૫ માં પરત લેવા અરજદાર ને જાણ કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. સદર બાબતની જાણ અરજદાર ને રાણપુર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં–૫૦૫૫ તા.૮/૧/૨૦૨૦ ના રોજ પણ કરેલ છે. આમ, ઉપરોક્ત કારણોસર અરજદારને વિજ જોડાણ આપી શકાયેલ નથી.

Grievance Redressal Forum
B.G.V.C.L.
Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર નંદકુંવરબા વનરાજસિંહ ચુડાસમા,ગામ–સુંદરીયાણા, તા.ધંધુકા માં ઉ.ગુ.વિ.કું.લી.ની ધંધુકા પે.વિ.કચેરીમાં તા.૨૩/૮/૨૦૧૬ ના રોજ નવા ખેતીવાડી વિજ જોડાણ માટે અરજી નોંધણી કરાવેલ. ધંધુકા પે.વિ.કચેરી એ તે માટે જરૂરી અંદાજપત્ર આપતા, વાદીએ તે અંદાજપત્ર ભરપાઈ કરી આપેલ.

૩.૨ ધંધુકા પે.વિ.કચેરી એ પ્રતિવાદીને આપેલ જવાબ તેમજ રજૂ કરેલ પત્રોની નકલ મુજબ ધંધુકા કચેરીએ વાદીના વિજ જોડાણ ના હયાત 10 KVA ના ટ્રાન્સફોર્મર ને 16 KVA ના ટ્રાન્સફોર્મર ની ક્ષમતાવાળું મૂકવા માટે માણસો મોકલેલ. પરંતુ, વાદી એ કામ કરવા દીધેલ નહી. જેથી, વાદીના વિજ જોડાણ ચાલુ કરવા માટેની કાર્યવાહી ધંધુકા પે.વિ.કચેરી દ્વારા પૂર્ણ થયેલ નહી. આથી, ધંધુકા પે.વિ.કચેરી વાદીના તેના પત્ર નં–૨૧૫૦ તા.૧/૬/૨૦૧૯ ના રોજ વાદી નંદકુંવરબા વનરાજસિંહ ચુડાસમા ને જાણ કરેલ કે, તેઓની અરજી દફતરે કરવામાં આવે છે તેમજ વાદીએ દિન –૧૫ માં તેઓએ ભરેલ નાણાં પરત મેળવી લેવા.

૩.૩ ત્યારબાદ, યુજીવીસીએલ અને પીજીવીસીએલ ની રાણપુર, ધંધુકા ખાતેની પે.વિ.કચેરીની વહીવટી તેમજ ભૌગોલીક વિસ્તાર નો ફેરફાર થતા, ધંધુકા તાલુકા, ગામ–સુંદરીયાણા પ્રતિવાદીની કંપની પીજીવીસીએલ ના બોટાદ ડિવિઝન હેઠળ ના રાણપુર સ.ડિ. ના તાબા હેઠળ મૂકાયેલ, જેથી ફોરમે આજરોજ આ કેસની સુનાવણી હાથ ધરેલ છે.

૩.૪ જે તે સમયે યુજીવીસીએલ ની પે. વિ.કચેરી, ધંધુકા એ વાદીની ખેતીવાડી વિજ જોડાણ ની અરજી દફતરે કરેલ હોઈ, વાદીને આજરોજ નવી અરજી નોંધણી રાણપુર પે.વિ.કચેરી ખાતે કરવાનું જણાવેલ છે. જે અરજી નોંધણી થયે, પ્રતિવાદી એ નિયમાનુસાર ની કાર્યવાહી કરવી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| **(શ્રીમતી જે.એમ.મેહતા)** | **ગેરહાજર** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **(પી. એન. અજાકીયા)** | **અધ્યક્ષશ્રી,** |
| | **ટેકનીકલ સભ્યશ્રી** | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :– **૧૩/૧૦/૨૦૨૦.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.